# મત્સ્ય પકડાશમાં વાપરતા સલામતીના સાધનો

**૧. લાઈફ જેકેટ**



લાઈફ જેકેટ એ માછીમારી કરવા જતા સમયે પ્રત્યેક માછીમાર દીઠ એક લાઈફ જેકેટરાખવું ફરજીયાત છે. જે ખુબજ સારા તરી શકે એવા મટીરીયલથી બનાવેલ હોવું જોઈએ અને તે દુરથી પણ જોઈ શકાય એવા તેજસ્વી રંગનું બનેલ હોવું જોઈએ. તેની સાથે એક સીટી, ચળકતી પટ્ટીઓ અને આઠ કલાક ચાલી શકે એવું લાઈટ બોયું બાંધેલ હોવું જોઈએ.

૨. લાઈફ બોયા



લાઈફ બોયા એ માછીમારી કરવા જતા સમયે પ્રત્યેક માછીમાર દીઠ એક લાઈફ જેકેટરાખવું ફરજીયાત છે. તેને બોટમાંથી પાણીમાં ફેંકવામાં આવે છે, જેથી વ્યક્તિ તેને પકડીને બોટમાં લઇ શકાય છે. લાઈફ બોયા એક તરી શકે એવા મટીરીયલ, ગોળાકાર, એક વિશિષ્ટ દ્રશ્યમાન રંગની પટ્ટી અને ચાર સમાન બિંદુ પર સુરક્ષિત લીટીઓ સાથે સજ્જ હોય છે. લાઈફ બોયનો અંદરનો વ્યાસ ૪૫ સે.મી. અને બહારનો વ્યાસ ૭૬ સે.મી. અને વજન ૬.૧ કિલોગ્રામ થી વધુ ન હોવું જોઈએ. તે ઓછામાં ઓછા ૨૪ કલાક સુધી પાણીમાં તરતું રહેવું જોઈએ.

૩. લાઈફ રાફ્ટ



મુખ્ય બોટ જયારે ડૂબી જાય છે એવા આકસ્મિક સંજોગોમાં લોકોના બચાવ માટે લાઈફ રાફ્ટ વપરાય છે. તમામ પરીસ્થિતિમાં લાઈફ રાફ્ટ ૩૦ દિવસ સુધી તરતા રહેવા માટે સક્ષમ હોવું જોઈએ. તેમાં તરી શકે એવી પ્લાસ્ટિકની બોટ, ઓછામાં ઓછી ૩૦ મીટરની દોરી (નરમ ફેંકવા યોગ્ય તરતી રિંગ લાઈન સાથે જોડાયેલ), છરી, પાણી ફિલ્ટર કરી શકે તેવી ગળણી, સ્પંજ, સમુદ્ર લંગર, તરી શકે તેવા પેડલ્સ, ડબ્બો ખોલવાનું સાધન, પ્રાથમિક સારવાર



કીટ, વ્હિસલ, રોકેટ પેરાશુટ ફ્લેર, હેન્ડ ફ્લેર, સ્મોક સિગ્નલ, વોટરપ્રૂફ ઈલેક્ટ્રિક ટોર્ચ (એક સ્પેર બેટરી અને બલ્બ વોટરપ્રૂફ ડબ્બામાં પેક કરેલ), એક કાર્યક્ષમ રડાર રિફ્લેક્ટર, ડેલાઈટ સિગ્નલિંગ મિરર, જીવન બચાવવાના સંકેતોની નકલ, ફિશિંગ ટેકલનો સેટ, મેટલના ડબ્બામાં ફૂડ પેકેટ (પેકેજ અને એક્સપાયરી ડેટ લખેલ હોય છે), પાણીનું અનુકૂળ પાત્ર, ચોખ્ખુ પાણી પીવાના વાસણ, દવાઓ, ઠંડીથી બચવાના વસ્ત્રો વિગેરે સાથે રાખવામાં આવે છે.

**૪.** અગ્નિશામક સાધનો




સહેલાઈથી ફેરવી શકાય તેવું નાનું અગ્નિશામક સાધન બોટમાં રાખવું જોઈએ અને જે સંકટ સમયે સહેલાઈથી પ્રાપ્ય થઇ શકે એમ રાખવું. તેમજ અગ્નિશામક ડોલ સાથે લઇ જવી જરૂરી છે.

**૫.** પ્રાથમિક સારવાર કિટ




પ્રાથમિક સારવાર કિટને દરેક બોટમાં અનિવાર્યપણે રાખવી જોઈએ. જેમાં કટોકટીની સ્થિતિમાં ઉપયોગમાં લેવાતી તમામ પ્રાથમિક સહાય સામગ્રી અને દવાઓ હોય છે. તેમાં પાટો, બેન્ડ એઈડ, જતુંરહિત મલમ પટ્ટી, ટેપ, કાતર, સેફ્ટી પિન, ચેપનાશક ક્રીમ, ચેપનાશક પ્રવાહી દવાઓ વગેરે હોવા જોઈએ.